RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૦૧ તા.૨૦–૫–૧૭
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મુંજાણી પ્રદીપ મનસુખભાઈ
સામાવાળાઃ– પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી (આરટીઆઈ સેલ)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુંજાણી પ્રદીપ મનસુખભાઈની આઈડી નં.૧૬૬ (નાગરિક સુવિધા કેન્દ્ર– સેન્ટ્રલઝોન) તા.૨૯–૪–૧૭ની અરજીથી મુદ્દા નં.(૧) આરટીઆઈ હેઠળ રેકોર્ડમાં ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે. રેકોર્ડમાં ઉપલબ્ધ માહિતીની નકલ આપવાની જોગવાઈ છે તેના વિશે સ્પષ્ટ માહિતી આપશો વિ. બાબતે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૨૦–૫–૧૭ની SMC/FAP/RTI CELL/નં.૦૧/૧૭–૧૮

અરજદારશ્રી મુંજાણી પ્રદીપ મનસુખભાઈની આઈડી નં.૧૬૬ (નાગરિક સુવિધા કેન્દ્ર– સેન્ટ્રલઝોન) તા.૨૯–૪–૧૭ ની અરજીથી મુદ્દા નં.(૧) આરટીઆઈ હેઠળ રેકોર્ડમાં ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે. રેકોર્ડમાં ઉપલબ્ધ માહિતીની નકલ આપવાની જોગવાઈ છે તેના વિશે સ્પષ્ટ માહિતી આપશો વિ. બાબતે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ છે, માહિતી આપવામાં આવી નથી એવું જણાવી એપેલેટ ઓફિસરને તા.૨૦–૫–૧૭ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

અજરદારની આઈડી નં.૧૬૬ તા. ૨૯–૪–૧૭ ની અરજીથી મુદ્દા નં.(૧) આરટીઆઈ હેઠળ રેકોર્ડમાં ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે. રેકોર્ડમાં ઉપલબ્ધ માહિતીની નકલ આપવાની જોગવાઈ છે તેના વિશે સ્પષ્ટ માહિતી આપશો વિ. બાબતે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોનને સંબોધતી અરજી સેન્ટ્રલઝોનના નાગરિક સુવિધા કેન્દ્ર ખાતે કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અને એકઝી. આસી.–નાગરિક સુવિધા કેન્દ્ર–સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સીસીસી/સીઝેડ/આરટીઆઈ/આઉટ–૧૬૬ તા.૧–૫–૧૭ થી નિયત સમયમર્યાદામાં અત્રેના ખાતાને સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ તરફથી **પત્ર નં. આરટીઆઈ સેલ/૬૮ તા.૯–૫–૧૭** થી નિયત સમયમર્યાદામાં મુદ્દા નં.૧ થી ૬ માટે " **માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ સ્વયં સ્પષ્ટ છે. જે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal. gov.in ઉપર મુકવામાં આવેલ છે. જેમાંથી આપ સર્ફિંગ કરીને મેળવી શકો છો. વિકલ્પે તેની હાર્ડ કોપી મેળવવા માંગતા હો તો એકટ–૨૦૦૫ ના ગર્વમેન્ટ ગેઝેટની કોપીના પાના નંગ–૨૯ ના પ્રતિ પાનાના રૂા. ૨/– લેખે રૂા.૫૮/– તથા નિયમો–૨૦૧૦ના ગર્વમેન્ટ ગેઝેટની કોપીના પાના નંગ–૧૧ ના પ્રતિ પાનાના રૂા. ૨/– લેખે રૂા.૨૨/–મળી કુલ રૂા. ૮૦/– ભરપાઈ કરી તેની રસીદ અત્રે રજુ કર્યેથી મળી શકશે." એવું જણાવવામાં આવેલ.**

ત્યાર બાદ અરજદાર તરફથી નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ છે, માહિતી આપવામાં આવી નથી એવું જણાવી તા.૨૦–૫–૧૭ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને ઈ.ચા. સેકશન ઓફિસર અને અપીલ અધિકારી તરફથી પત્ર નં. આરટીઆઈ સેલ/૭૯ તા.૨૫–૫–૧૭ થી " અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીના નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજગીના કારણો જણાવેલ નથી. અપીલનું કારણ ઉત્પન્ન થવા માટેનું વ્યાજબીપણું પણ નિર્દિષ્ટ કરેલ નથી.

તેમ છતાં અત્રેના જાહેર માહિતી અધિકારી કક્ષાનો રેકોર્ડ મંગાવી ચકાસણી કરતાં જાહેર માહિતી અધિકારીશ્રી પી.એન. પંડયાના પત્ર નં. આરટીઆઈ સેલ/૬૮ તા.૯–૫–૧૭થી આપને મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માટે આરટીઆઈ કાયદો અને નિયમોની નકલના કુલ ૪૦ પાના માટે રૂા.૮૦ ભરપાઈ કરી નકલો મેળવવા પત્ર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે અને આ વિકલ્પ પૂર્વે સદર પત્રમાં ફી ભરવાનો ઉલ્લેખ કર્યા મુજબ આ જ માહિતી સુરત મહાનગરપાલિકની વેબસાઈટ **www.suratmunicipal.gov.in** ઉપરથી સર્ફિંગ કરીને આપ મેળવી શકો છો તેવો પણ વિકલ્પ આપેલ છે.

કાયદો અને નિયમો બન્નેમાં વિવિધ કલમોથી કઈ કઈ માહિતી મેળવી શકાય, કેવી રીતે મેળવી શકાય વિ. તમામ સ્વયં સ્પષ્ટ નિર્દિષ્ટ છે તેમ છતાં **સૂચવ્યા મુજબ માહિતી મેળવવાને બદલે** અપીલનું કારણ ઉત્પન્ન થયા વિના કે અપીલના વ્યાજબીપણાં વિના યાંત્રિક અપીલ કરેલ જણાય છે. જે કાયદાની કલમ–૧૯(૧) અને ૧૮ માં નિર્દિષ્ટ જોગવાઈઓ સાથે સુસંગત નથી. તેમ છતાં તેઓની અપીલના વ્યાજબીપણામાં સમર્થનના કોઈ આધાર સહિત વિશેષ રજુઆત કરવા માંગતા હો તો આ પત્ર મળ્યે દિન–૭ માં રજૂ કરવા જણાવવામાં આવે છે. જો નિયત સમય દરમ્યાન કોઈ રજુઆત કે પૂર્તતા મળશે નહીં તો **અપીલનો ગુણદોષ** આધારે યોગ્ય તે નિકાલ કરવામાં આવશે તે જાણશો." એવું જણાવતો પત્ર By Speed Post થી પાઠવવામાં આવેલ. જે India Post ની Track Consignment પરથી મેળવેલ પ્રિન્ટમાં અરજદારને તા.૩૦–૫–૧૭ ના રોજ ડીલીવર્ડ થયેલ દર્શાવે છે. તેમ છતાં તા.૧૨–૬–૧૭ સુધીમાં અરજદાર તરફથી કોઈ રજુઆત અત્રે રજુ કરવામાં આવેલ નથી.

અરજદારની તા.૨૯–૪–૧૭ ની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ દ્વારા આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ અત્રેના ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ મુજબની પૂરેપૂરી માહિતી પુરી પાડવામાં આવેલ છે. ઉપરાંત વિકલ્પે હાર્ડ કોપી મેળવવા માંગતા હો તો નાણાં ભરપાઈ કરી તેની રસીદ રજુ કર્યેથી મળી શકશે એવું ઠરાવેલ સમય અવધિમાં જણાવેલ છે જે આરટીઆઈ કાયદાની કલમ–૬(૧), ૭(૩) અને ૭(૬) ને સુસંગત છે. તથા જાહેર માહિતી અધિકારી દ્વારા માહિતી અંગે ઈન્કાર કરવામાં આવેલ નથી કે આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. આમ અપીલ અરજી બાબતે અપીલ અંગેનું કોઈ કારણ ઉત્પન્ન થતું નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૪–૧૭ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ તરફથી ઉપલબ્ધ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાથી સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(એન. ટી. પટેલ)
ઈ.ચા.સેકશન ઓફિસર અને
અપીલ અધિકારી
આરટીઆઈ સેલ
સુરત મહાનગરપાલિકા

નં.આરટીઆઈ સેલ/૧૦૩
તા. ૧૩–૦૬–૨૦૧૭

પ્રતિ, (૧) પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારીશ્રી–આરટીઆઈ સેલ ......જાણ માટે
(૨) શ્રી મુંજાણી પ્રદીપ મનસુખભાઈ

અપીલ અરજી નં.૦૨ તા.૦૯–૧૧–૧૭
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સૌરભ પી. ચૌહાણ
સામાવાળાઃ– પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી (આરટીઆઈ સેલ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–અરજદારશ્રી સૌરભ પી. ચૌહાણની તા. ૧૫–૦૯–૧૭ ની આર.ટી.આઈ. હેઠળની અરજી આઈડી નં.૧૩૬૮ (નાગરિક સુવિધા કેન્દ્ર–સેન્ટ્રલઝોન) એકઝી. આસી. અને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રે તા. ૧૮–૦૯–૧૭ ના રોજ મળેલ અરજી બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૦૯–૧૧–૧૭ની SMC/FAP/RTI CELL/નં.૦૨/ ૧૭–૧૮

અરજદારશ્રી સૌરભ પી. ચૌહાણની તા. ૧૫–૦૯–૧૭ ની આર.ટી.આઈ. હેઠળની અરજી આઈડી નં.૧૩૬૮ (નાગરિક સુવિધા કેન્દ્ર– સેન્ટ્રલઝોન) એકઝી. આસી. અને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રે તા. ૧૮–૦૯–૧૭ ના રોજ મળેલ અરજી બાબતે જાહેર માહિતી અધિકારી દ્વારા મુદ્દા નં.૩ ના સંદર્ભમાં આપવામાં આવેલ માહિતીથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૦૯–૧૧–૧૭ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિતની નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫ માં નીચે સહી કરનારને પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ પક્ષ રજૂ કરવા જાહેર માહિતી અધિકારીને પત્ર નં. આરટીઆઈ સેલ/૨૭૮ તા.૧૬–૧૧–૧૭ થી જણાવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ તરફથી પત્ર નં. આરટીઆઈ સેલ/૨૮૧ તા.૨૦–૧૧–૧૭ ના પત્રથી પૂરક વિગતોમાં એકઝી. આસી. અને જાહેર માહિતી અધિકારી–ના.સુ.કેન્દ્ર– સેન્ટ્રલઝોન તરફથી તબદીલી અંગેનો પત્ર નં. સીસીસી.સીઝેડ/આરટીઆઈ/ આ.૧૩૬૮ તા.૧૬–૯–૧૭ની નકલ, અરજદારની મૂળ અરજીની નકલ, અરજદારશ્રીને નાણાં ભરપાઈ કરી માહિતી મેળવવા અંગે નમૂના–ખ માં પાઠવેલ પત્ર નં.આરટીઆઈ સેલ/૨૪૮ તા.૪–૧૦–૧૭ની નકલ, અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી અંગેનો પત્ર નં. આરટીઆઈ સેલ/૨૬૪ તા.૨૪–૧૦–૧૭ની નકલ અત્રે મળેલ છે.

અરજદારશ્રી સૌરભ પી. ચૌહાણની તા. ૧૫–૦૯–૧૭ ની આર.ટી.આઈ. હેઠળની મુદ્દા નં. ૧ થી ૬ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકાને સંબોધતી અરજી નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે એકઝી. આસી. અને જાહેર માહિતી અધિકારી–ના.સુ.કેન્દ્ર– સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સીસીસી.સીઝેડ/આરટીઆઈ/ આ.૧૩૬૮ તા.૧૬–૯–૧૭ થી નિયત સમયમર્યાદામાં મધ્યસ્થ મહેકમ ખાતુ અને અત્રેના આરટીઆઈ સેલને સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ. જે અત્રેના ખાતાને તા. ૧૮–૦૯–૧૭ ના રોજ મળેલ. જેના અનુસંધાને અત્રેના ખાતાને લાગત મુદ્દા નં.૩ બાબતે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ તરફથી નિયત સમયમર્યાદામાં પત્ર નં. આરટીઆઈ સેલ/૨૪૮ તા.૪–૧૦–૧૭ થી **" સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ આરટીઆઈ એકટની કલમ–૪(૧)(ખ) મુજબના પ્રોએકટીવ ડીસ્બકલોઝર લાગત ઝોન/ખાતા દ્વારા બનાવવામાં આવે છે. સૌ પ્રથમ તા.૨૯–૧૦–૧૪ના રોજ સરકારશ્રીને પી.એ.ડી. પ્રસિધ્ધીનું જાણ કરતું એકત્રીત પ્રમાણપત્ર એનેક્ષર–એ મોકલવામાં આવેલ છે. જેની નકલ તથા વિવિધ ઝોન/ખાતા તરફથી મળેલ "એનેક્ષર–એ"ના ૬૯ પ્રમાણપત્રની એક પાનાના રૂા. ૨/– લેખે રૂા.૧૩૮/– ભરપાઈ કરી તેની રસીદ અત્રે રજુ કર્યેથી મળી શકશે."** એવું જણાવવામાં આવેલ. ત્યાર બાદ અત્રેના તા.૪–૧૦–૧૭ના પત્રમાં જણાવ્યા અનુસાર અરજદાર તરફથી રૂા.૧૩૮/–(અંકે રૂપિયા એક સો આડત્રીસ પુરા) સેન્ટ્રલઝોન ખાતે રસીદ નં.૩૦૦/૮૯ તા.૧૮–૧૦–૧૭ થી ભરપાઈ કરતાં જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ તરફથી પત્ર નં. ૨૬૪ તા.૨૪–૧૦–૧૭ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે.

ત્યાર બાદ અરજદારશ્રી તરફથી જાહેર માહિતી અધિકારીશ્રી દ્વારા મુદ્દા નં.૩ ના સંદર્ભમાં આપવામાં આવેલ માહિતીથી નારાજ હોવાથી તા.૯–૧૧–૧૭ના રોજ અપીલ અધિકારીને અપીલ કરવામાં આવેલ. જે અંગે સેકશન ઓફિસર અને અપીલ અધિકારી તરફથી પત્ર નં.આરટીઆઈ સેલ/૨૭૯ તા.૧૬–૧૧–૧૭ થી અરજદારશ્રીને **તા.૨૪–૧૧–૧૭ના રોજ બપોરે ૪:૦૦** કલાકે નારાજગી અંગે તેઓના મૂળ સંદર્ભ સહ અપીલના મુદ્દાના સમર્થનમાં રજુ કરવાના થતા આધાર પુરાવા સહિત રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા પોસ્ટલનું ફ્રેન્કીંગ મશીન ડીસ્પેચ રજીસ્ટર મારફત તા.૧૬–૧૧–૧૭ના રોજ ટપાલ રવાના કરવામાં આવેલ હતી. તેમ છતાં અરજદાર તા.૨૪–૧૧–૧૭ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહ્યા ન હતા કે અપીલના સમર્થનમાં લેખિતમાં કોઈપણ પ્રકારની રજુઆત કરવામાં આવી નથી.

અરજદારની તા.૧૫–૯–૧૭ ની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ દ્વારા આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ અત્રેના ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ મુજબની અત્રેના ખાતાને લાગત મુદ્દા નં. ૩ ની પૂરેપૂરી માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. તથા જાહેર માહિતી અધિકારી દ્વારા માહિતી અંગે ઈન્કાર કરવામાં આવેલ નથી કે આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. આમ, અત્રેના ખાતાને લાગત અરજીના મુદ્દા નં.૩ બાબતે અપીલ અંગેનું કોઈ કારણ ઉત્પન્ન થતું નથી.

## <u>હુકમ</u>

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫–૦૯–૧૭ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ તરફથી ઉપલબ્ધ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાથી સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(પી. એન. લાડ)
સેકશન ઓફિસર અને
અપીલ અધિકારી
આરટીઆઈ સેલ
સુરત મહાનગરપાલિકા

નં.આરટીઆઈ સેલ/૨૯૧
તા. ૫–૧૨–૨૦૧૭

પ્રતિ, (૧) પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારીશ્રી–આરટીઆઈ સેલ ......જાણ માટે
(૨) શ્રી સૌરભ પી. ચૌહાણ